પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૪, અંક:૬૬, કુલ પાના:૪, તારીખ: ૦૬-૧૧-૨૦૨૦ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 66 PRICE :-RS. 1.50 DATE : 06-11-2020

EDITOR, PRINTER PUBLISHER & OWNER : AJAY KANTILAL PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## દાગી નેતાઓને કાયદા ઘડવાનો અધિકાર શા માટે?: સુપ્રીમ કોર્ટમાં એમીક્સ ક્યૂરીએ દલીલ કરી



ન્યુ દિલ્હી,

ન્યાયમિત્ર (એમીકસ ક્યૂરી)એ સુપ્રીમ કોર્ટમાં એવી દલીલ કરી હતી કે જેમની સામે ક્રીમીનલ કેસ ચાલી રહ્યા હોય એવા 'દાગી' ધારાસભ્યો કે સાંસદો જનતા માટેના કાયદા શી રીતે ઘડી શકે. પહેલાં તેમની સામેના ક્રીમીનલ કેસ પૂરા કરવા જોઈએ. એ નિર્દોષ પુરવાર થાય તો જ એમને ધારા ઘડવાની માન્યતા મળવી જોઈએ

સિનિયર ધારાશાસ્ત્રી વિજય હંસારિયા જસ્ટિસ એન વી રમણની કોર્ટ અધ્યક્ષતા ધરાવતી બેંચમાં પોતાની દલીલો રજૂ કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે જે સાંસદો કે ધારાસભ્યો નિર્દોષ પુરવાર થાય એ જ આમ આદમી માટે કાયદા ઘડી શકે. દાગી સભ્યોને આમ આદમી માટે કાયદા ઘડવાનો અધિકાર મળી શકે નહીં. અત્યારે ઘણા એવા સાંસદો અને ધારાસભ્યો છે જેમની સામે ક્રીમીનલ કેસ ચાલી રહ્યા હોવા છતાં એ લોકો કાયદા ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે.

તેમણે કહ્યું કે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં આવા નેતાઓ સામે કેસ ચાલી રહ્યા હોય એ કોર્ટના જજને બે વર્ષ સુધી એ હોદ્દા પર રહેવા દેવા જોઈએ અને કેસ સમયસર પૂરો થાય એની તકેદારી લેવાવી જોઈએ. સાથોસાથ રાજ્ય સરકારોએ નોડલ પ્રોસિક્યુશન ઑફિસરની નિયુક્તિ કરવી જોએ. હંસારિયાએ કોર્ટનું ધ્યાન એ હકીકત તરફ ખેંચ્યું હતું કે અત્યારે આવા ઘણા ધારાસભ્યો અને સાંસદો પ્રધાનપદું ભોગવી રહ્યા હતા.

આવા ક્રીમીનલ કેસના નિકાલ માટેની સ્પેશિયલ કોર્ટની સંખ્યા પણ ખૂબ ઓછી હોવાનું હંસારિયાએ સુપ્રીમ કોર્ટને કહ્યું હતું. થોડા સમય પહેલાં સુપ્રીમ કોર્ટે ક્રીમીનલ કેસ ધરાવતા ભૂતપૂર્વ અને વર્તમાન ધારાસભ્યો તેમજ સાંસદોની ધરપકડ કરવામાં પોલીસ દ્વારા દાખવાતી બેદરકારીની ટીકા કરી હતી અને કહ્યું હતું કે પોલીસે પોતાની ફરજ નિષ્પક્ષપણે બજાવવી જોઈએ. કોર્ટે કહ્યું હતું કે પોલીસ આવા લોકોના દબાણ હેઠળ આવી જતી હોવાથી ન્યાયપ્રક્રિયાને હાનિ પહોંચે છે. સંબંધિત પોલીસ ઑફિસરના પ્રમોશન સાથે આવા નેતાઓ સંકળાયેલા હોવાથી પોલીસ પગલાં લેતાં અચકાતી હોય છે એમ જસ્ટિસ રમણે કહ્યું હતુ.

## દિવાળી બાદ પ્રથમ તબક્કામાં ધો.૯થી૧૨નું શૈક્ષણિક કાર્ય શરુ થવાની સંભાવના



ગાંધીનગર,

દિવાળી બાદ શાળા અને કોલેજ શરૂ કરવા અંગે ગુજરાત સરકાર દ્વારા મહત્વના સમાચાર સામે આવ્યા છે. શાળા અને કોલેજ એકસાથે શરૂ કરવાની વિચારણા સરકાર દ્વારા કરવામાં આવી રહી છે. પરંતુ પ્રાથમિક સ્કૂલો ખોલવામાં આવશે કે નહિ તે નક્કી નથી. દિવાળીના વેકેશન બાદ પ્રથમ તબક્કામાં ધોરણ ૯ થી ૧૨ નું શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવી શકે છે. અંગે અધિકારીઓને એસઓપી તૈયાર કરવા માટે સૂચના આપી દેવાઈ છે. આરોગ્ય વિભાગના માર્ગદર્શન બાદ જ નિર્ણય લેવામાં આવશે.

આ અંગે શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ કહ્યું કે, ગઈકાલે ગાંધીનગરમાં યોજાયેલી કેબિનેટમાં ધોરણ ૯ થી ૧૨ અને કોલેજની દિવાળી બાદ શરૂ કરવા અંગે મુખ્યમંત્રીએ સૂચના આપી હતી. શિક્ષણ વિભાગની ઉચ્ચ અધિકારીઓની મીટિંગ બોલાવી ચર્ચાવિચારણા કરી છે. એસઓપી તૈયાર કરવા માટેની સૂચના આપી છે. વાઈસ ચાન્સેલર અને બે દિવસમાં ઓનલાઈન તેઓની સાથે ચર્ચા કરવામાં આવશે. ૯ થી ૧૨ ધોરણ ઉચ્ચ અધિકારીઓ બેસીને ચર્ચા વિચારણા કરીને તૈયાર કરવામાં આવશે. મુખ્યમંત્રી નાયબ મુખ્યમંત્રી અને આરોગ્ય વિભાગ સાથે બેસીને આગળનો વિચાર કરવામાં આવશે. જ્યારે શિક્ષણ કાર્યની શરૂઆત કરવી તેનો નિર્ણય ઉચ્ચ કક્ષાની મિટિંગમાં કરવામાં આવશે.

તેઓએ મહત્વની માહિતી આપતા કહ્યું કે, ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષા લેવાનો નિર્ણય કર્યો છે. એક મહિના પહેલા તેની જાહેરાત કરવામાં આવી છે. વિદ્યાર્થીઓને ફોર્મ ભરવા સુધીનો પૂરતો સમય જાળવીને આ જાહેરાત કરવામાં આવી હતી. આરોગ્ય વિભાગના માર્ગદર્શન હેઠળ જાહેર કરવામાં આવશે. એક થી આઠ ધોરણનો નિર્ણય પણ ઉચ્ચકક્ષાની બેઠકમાં કરવામાં આવશે.

### ૪ બેઠક પર સ્થાનિક અને ૪ જિલ્લા હેડક્વાર્ટરે મતગણતરી થશે


## આઠ વિધાનસભા પેટાચૂંટણી: ચૂંટણીપંચે મતગણતરી માટે ૮ સ્થળ જાહેર કર્યા

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી આઠ બેઠક માટે ૩ નવેમ્બરે સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી મતદાન યોજાયુ હતું. તમામ ૮ બેઠક પર કુલ સરેરાશ ૫૮ મતદાન થયું હતું. ત્યારે હવે મત ગણતરીની તૈયારીઓ ચૂંટણી પંચે શરૂ કરી છે અને મત ગણતરીના સ્થળોની જાહેરાત કરી છે. જેમાં જે આઠ બેઠકોની પેટાચૂંટણી થઈ છે તે પૈકીની ૪ જગ્યાએ સ્થાનિક કક્ષાએ અને ૪ સ્થળોએ જિલ્લા કક્ષાએ મતગણતરી થશે. જેમાં મોરબી પણ સામેલ છે. ૩જીએ યોજાયેલી ચૂંટણીમાં સૌથી વધુ મતદાન ડાંગ બેઠક પર ૭૪.૭૧ ટકા અને સૌથી ઓછું ધારી બેઠક પર ૪૫.૭૪ ટકા મતદાન થયું હતું.

૩જી નવેમ્બરે યોજાયેલી ચૂંટણી બાદ ૧૦ નવેમ્બરે મતગણતરી યોજાવા જઈ રહી છે. ત્યારે તેની તૈયારી ચૂંટણી પંચ દ્વારા કરી દેવામાં આવી છે. ચાર બેઠક પર સ્થાનિક કક્ષાએ તેમજ ચાર બેઠક પર જિલ્લા હેડક્વાર્ટર ખાતે મતગણતરી યોજાશે. જ્યારે પેટાચૂંટણી યોજાઈ તેવી મોરબી અને ડાંગ બેઠક પણ જિલ્લા હેડક્વાર્ટર છે એટલે તેના સહિત અબડાસા, લીંબડી, ગઢડા અને ધારીમાં પણ સ્થાનિક કક્ષાએ મતગણતરી થશે. જેને પગલે પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવાયો છે.

## મતગણતરી વચ્ચે અમેરિકામાં હિંસક દેખાવો, આગચંપી, ૬૦ની અટકાયત



વોશિંગ્ટન,

અમેરિકામાં ચાલી રહેલી મતગણતરી દરમિયાન હિંસા થઈ શકે છે તેવી દહેશત સાચી પડતી લાગી રહી છે. મતગણતરીમાં વિલંબના કારણે પરિણામ જાહેર થવામાં વિલંબ થઈ રહ્યો છે.જોકે ડેમોક્રેટિક પાર્ટીના ઉમેદવાર જો બિડેન આગળ ચાલી રહ્યા છે અને તેની વચ્ચે અમેરિકામાં હિંસક પ્રદર્શનો શરુ થઈ ગયા છે.

અમેરિકન મીડિયાના કહેવા પ્રમાણે બુધવારે રાતે ન્યૂયોર્નકા મેનહટન વિસ્તારમાં પ્રદર્શન કરી રહેલા લોકો અને પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી.એક ગલીમાં ટોળાએ આગચંપી કરી હતી અને પોલીસ અધિકારી સામે થૂકીને લોકોએ વિરોધ કર્યો હતો.

આ સિવાય વોશિંગ્ટન સ્કવેર પાર્કમાં શાંતિપૂર્ણ વિરોધ બાદ ૬૦ લોકોની ધરપકડ થઈ હતી.જેના પગલે પોલીસ અને લોકો વચ્ચે ટકરાવ થયો હતો.

અમેરિકાના પોર્ટલેન્ડ શહેરમાં પણ થયેલા દેખાવો બાદ ઓરેગન નેશનલ ગાર્ડને બોલાવવાની ફરજ પડી હતી.લોકોએ શહેરના એક હિસ્સામાં તોડફોડ કરીને પ્રોપર્ટીને નુકસાન પહોંચાડ્યુ હતુ.સાથે સાથે ફિલાડેલ્ફિયા, શિકાગોમાં પણ દેખાવો થઈ રહ્યા છે.લોકો માંગ કરી રહ્યા છે કે, એક એક મતની ગણતરી કરવામાં આવે.સાથે સાથે લોકો અશ્વેત આંદોલનનો મુદ્દો પણ ઉઠાવી રહ્યા છે.

અમેરિકન પ્રમુખના નિવાસ સ્થાન વ્હાઈટ હાઉસથી સ્હેજ જ દુર એક હજાર કરતા વધારે લોકો ટ્રમ્પનો વિરોધ કરવા માટે જમા થયા હતા.વોશિંગ્ટનમાં લોકોએ રસ્તા પર માર્ચ કરી હતી અને જેના કારણે ટ્રાફિક પણ જામ થયો હતો.લોકોએ ફટાકડા પણ ફોડયા હતા.

## દિલ્હીમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૫૦ને વટાવી ગયો, પ્રદૂષણમાં બેફામ વધારો



ન્યુ દિલ્હી,

પાટનગર નવી દિલ્હીમાં પ્રદૂષણ બેફામ વધી ગયું હોવાનું જાણવા મળ્યું હતું. દિલ્હી અને એનસીઆરમાં ઘણાં સ્થળે એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૫૦ના આંકને વટાવી ગયો હતો. વહેલી સવારે ધૂમ્મસ જેવું પ્રદૂષણ એટલું સઘન હોય છે કે ચાર પાંચ ફૂટ દૂરનું કશું નજરે પડતું નથી. આજે સવારે ગાઢ ધૂમ્મસ જેવું વાતાવરણ સર્જાયુંહતું. જો કે એ ધૂમ્મસ નહીં પણ પ્રદૂષણ હતું. ખાસ કરીને દિલ્હીનું ઈન્દિરા ગાંધી ઈન્ટરનેશનલ એરપોર્ટ, આઈટીઓ, રોહિણી, દ્વારકા અને આનંદ વિહાર જેવા વિસ્તારોમાં વિઝિબિલિટી શૂન્ય હતી. હવાની ગુણવત્તા પણ અત્યંત ખરાબ હતી. સેન્ટ્રલ પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડે જણાવ્યા મુજબ આઈટીઓમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૬૦થી પણ વધુ હતો. દ્વારકામાં ૪૬૪, રોહિણીમાં ૪૭૮, અશોક વિહારમાં ૪૬૪, જહાંગીર પુરીમાં ૪૯૧, આનંદ વિહારમાં ૪૬૮ અને ઈન્દિરા ગાંધી એરપોર્ટ પર ૪૪૭ હતો. પર્યાવરણની દ્રષ્ટિએ આ સૌથી ઝેરી હવા હતી. ૪૦૧થી ૫૦૦ સુધીનો ઈન્ડેક્સ સૌથી ઝેરી ગણાય છે અને એ આરોગ્ય માટે ખતરનાક હોવાનો નિષ્ણાતોનો અભિપ્રાય હતો.

આવું માત્ર દિલ્હીમાં નહોતું. નોઈડા અને ગુરુગ્રામમાં પણ આ જ સ્થિતિ હતી. નોઈડાના સેક્ટર એકમાં એર ક્વોલિટી ઈન્ડેક્સ ૪૫૮, સેક્ટર નંબર ૬૨માં ૪૭૩ અને સેક્ટર ૧૧૬માં ૪૪૦નો હતો. ગુરુગ્રામ સેક્ટર ૫૧માં ૪૬૯નો હતો.

## રાજસ્થાનમાંથી ગુજરાતમાં ડ્રગ્સની હેરાફેરી કરતા પાંચ ઝડપાયાં, એક મહિલા પણ સામેલ

બનાસકાંઠા,

કોરોના મહામારીના સમયમાં વધુ એકવાર બનાસકાંઠાના આગથળા પાસેથી ડ્રગ્સની હેરાફેરી કરતી એક મહિલા સહિત પાંચ શખ્સોની અટકાયત કરવામાં આવી છે. પોલીસે ઈકો ગાડી, એમડી ડ્રગ્સ સહિત ૪.૯૮ લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી પાંચેય આરોપીઓ સામે એનડીપીએસ એક્સ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. લાખણી તાલુકાના આગથળા પાસેથી ડ્રગ્સની હેરાફેરી કરતા એક મહિલા સહિત પાંચ લોકોની પોલીસે અટકાયત કરી છે. જેમાં રાજસ્થાનના સાંચોર ગામેથી રવિ નામના વ્યક્તિ પાસેથી એમડી મેફેડ્રોન ડ્રગ્સ લઈને ઈકો ગાડીમાં પાંચ લોકો ગુજરાત તરફ આવી રહ્યા હતા.આ દરમિયાન લાખણી તાલુકાના આગથળા ગામ પાસે અચાનક સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતા ઈકો કાર પલટી ખાઈ ગઈ હતી.

## અમદાવાદમાં દિવાળી પહેલાં જ વેપારીઓના સુપર સ્પ્રેડર્સના કોરોના ટેસ્ટ શરૂ કરાયા

અમદાવાદ,

રાજ્યમાં દિવાળી શરૂ થવા જઈ રહી છે. ત્યારે એવામાં દિવાળીમાં ભરપૂર મીઠાઈ-ફરસાણનું વેચાણ થતું હોય છે. ત્યારે એવામાં હાલમાં કોરોના મહામારી વચ્ચે સંક્રમણનો ફેલાવો ના થાય તે માટે તંત્રએ અગમચેતી વાપરી શહેરના મોટા-મોટા બજારોમાં વેપારીઓના સુપર સ્પ્રેડર્સ કોરોના ટેસ્ટ શરૂ કરી દેવાયા છે. એએમસીની ટીમ દ્વારા હાલમાં મોટા-મોટા બજારોમાં વેપારીઓના કોરોના ટેસ્ટ હાથ ધરવામાં આવી રહ્યાં છે.

## બિહારના ભાગલપુરમાં ૧૦૦ લોકોથી ભરેલી હોડી પલટી જતાં ૫ લોકોના મોત

પટના,

બિહારના ભાગલપુરમાં સૌથી મોટી દુર્ઘટના સર્જાઈ છે. જેમાં બોટ પલટતા પાંચ લોકોનાં કરૂણ મોત નીપજ્યાં છે, જ્યારે ઘણા લોકો ગાયબ હોવાનું જાણવા મળ્યું છે. આ બોટ પર ૧૦૦ લોકો સવાર હતા. ઉલ્લેખનીય છે કે આ ગમ્ભવાર અકસ્માત નૌગાછીયાના કરારી તીનટંગા દિયારામાં સર્જાયો હતો. ગંગાની ઉપધારામાં બોટ પલટી ખાઈ ગઈ હતી. નોંધનીય છે કે આ બોટમાં ખેતરમાં મજૂરી કામ કરનારા લોકો સવાર હતા.

નોંધપાત્ર છે કે સૂત્રો પાસેથી અહેવાલ પ્રાપ્ત થયા છે કે આ બોટમાં ૧૦૦ લોકો સવાર હતા. ઘટનાની જાણ થતા એસડીઆરફની ટીમ રવાના થઈ ગઈ છે. અત્યાર સુધી પાંચ લાશો મળી આવી છે, જ્યારે ૧૫ લોકોની હાલત ગંભીર છે.ઉલ્લેખનીય છે કે અહેવાલ પ્રાપ્ત થઈ રહ્યા છે કે ગુરુવાર સવારે તિનટંગાથી ઘણા લોકો દિયારા જવા માટે બોટથી નિકળ્યા હતા.

નોંધનીય છે કે આ બોટમાં મહિલાઓ પણ શામેલ હતી. ઉલ્લેખનીય છે કે બોટ બહિયાર ઘાટથી રવાના થઈ ત્યારે હાલાત સામાન્ય હતા. જેવી બોટ દર્શનિયા ઘાટ તરફ પહોંચી ત્યારે પાણી ઝડપી પ્રવાહમાં ફસાઈ ગઈ હતી. ઉલ્લેખનીય છે કે આ પ્રવાહમાં ફસાઈ જવાને કારણે બોટ પલ્ટી ખાઈ ગઈ, આ દુર્ઘટના સર્જાઈ ત્યારે ૧૦૦ લોકો બોટ પર સવાર હતા.

મનીષ એન્ટરપ્રાઈઝ દ્વારા રોજગારીની ઉત્તમ તક.....

ગૃહ ઉદ્યોગમાં રોકાણ કરીને ઘરે બેઠા ૧૫,૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી કમાઓ.

મો.9737024962 / 7778024962

## અમદાવાદ અગ્નિકાંડ: FSLની ટીમે કેમિકલના નમૂના તપાસ અર્થે મોકલ્યા



અમદાવાદ,

શહેરના પીરાણા પીપળજ રોડ પર કેમિકલ ગોડાઉનમાં સર્જાયેલ અગ્નિકાંડની ઘટનામાં બીજા દિવસે પણ તપાસનો ધમધમાટ ચાલુ રહ્યો. પોલીસે એફએસએલના અધિકારીઓને સાથે રાખીને ૫ કલાક સુધી તપાસ કરી હતી. ઘટના સ્થળેથી એફએસએલની ટીમ એ કેમિકલના નમૂનાઓ લઈ તપાસ માટે મોકલી આપવામાં આવ્યા છે.

પીરાણા પીપળજ રોડ પર બનેલી દુર્ઘટનામાં પહેલા કેમિકલના ગોડાઉનમાં બ્લાસ્ટ અને ત્યાર બાદ કાપડના ગોડાઉનમાં આગ લાગી હતી. તેમજ પ્રચંડ બ્લાસ્ટના કારણે ચાર ગોડાઉનની છત ધરાશાયી થઈ હતી. જેમાં ૧૨ લોકોનક મોત થયા હતા. આ ઘટનાની તપાસ પણ બીજા દિવસે પણ ચાલુ રહી હતી. પોલીસે કેમિકલ ફેક્ટરીના માલિક હિતેશ સુતરિયાને સાથે રાખી તપાસ કરી હતી.

આ ઘટના અગે કે ડિવિઝનના એસીપી મિલાપ પટેલે જણાવ્યું કે આગ લાગી હતી તે ઘટના સ્થળનું એફ એસ એલ અને અન્ય ટીમ સાથે પંચનામું કરવામાં આવ્યું છે. ઘટના અંગે એફ એસ એલ રિપોર્ટ બાબતે તપાસ બાદ બેદરકારીનો ગુનો દાખલ કરવામાં આવશે. ઘટના સ્થળમા કેમિકલનો કયો જથ્થો કયા છે. અને કઈ રીતે ઉપયોગ થાય છે તે અંગે તપાસ કરવામાં આવી છે.

કેમિકલ ફેકટરી માલિક હિતેશ સુતરિયા ને સાથે રાખી સ્થળ પર તપાસ કરવામાં આવી છે. આ ઘટનામાં બુધવારે પણ એફએસએલની ટીમ એ કેટલાક નમૂનાઓ લીધા હતા અને બીજા દિવસે પણ ઘટના સ્થળ એ ૫ કલાક સુધી તપાસ કરી સ્થળ પરથી નમૂનાઓ લઈ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે. તો બીજીતરફ શ્રમ અને રોજગાર વિભાગની ટીમ પણ અહીં તપાસમાં જોડાઈ હતી.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કાકણપુર સેવા સહ મંડળી

મુ. રામપુર, તા. ગોધરા

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કલવાણી કમલાબેન દયાલદાસ

મુ. કરસાણા, તા. ગોધરા

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

## મહીસાગર જિલ્લામાં આજે ૫ પોઝિટિવ કેસ :
# જિલ્લામાં કોરોનાના કુલ ૧૩૧૦ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, વિરપુર તાલુકાની ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

આમ, જિલ્લામાં કોરોના (COVID 19)ના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૦૫-૧૧-૨૦૨૦ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૧૩૧૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઇ રહેલ દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષે કોરોનાને મહાત આપતાં રજા આપવામાં આવતાં સ્વગૃહે પરત ફર્યા છે. આમ, જિલ્લાકમાં અત્યાર સુધીમાં કુલ ૧૨૨૭ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૮ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૪ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૨ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનફલુ/કોરોનાના કુલ ૭૩૪૨૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૧૯૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે. મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૧ દર્દી કે. એસ. પી હોસ્પિટલ બાલાસિનોર, ૦૭ દર્દી ડીસ્ટ્રીમકટ હોસ્પિૃટલ, લુણાવાડા, ૨૪ દર્દી હોમ આઇસોલેશન, ૦૭ દર્દી લુણાવાડા શિતલ નર્સિગ કોલેજ (CCC) અને ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૩૮ દર્દીઓ સ્ટેબલ, ૦૩ દર્દીઓ ઓકિસજન પર છે.

### S.T. બસના ડ્રાઈવરની સમય સૂચકતા
## મુસાફરી કરતી સગર્ભાબેનને દુખાવો ઉપડતા સરસણ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે S.T. બસ ઉભી રાખી


તસ્વીર : કિરન પટેલ, લુણાવાડા

લુણાવાડા,
ગાંધીનગરના દહેગામથી આજે તા. ૫ મી ના રોજ પોતાના વતન દાહોદ જિલ્લાના ગરબાડા તાલુકાના દસલા ગામે ૨૦ વર્ષીય સગર્ભા મહિલા આવવા એસટી બસમાં બેસીને નીકળ્યા હતા.

બસ તેના નિયત સ્થળે જવા પસાર થઇ રહી હતી. ત્યાં રસ્તામાં આ સગર્ભા મહિલાને અચાનક સુવાવડનો દુઃખાવો શરૂ થઇ ગયો હતો. આમ અચાનક સગર્ભા મહિલાને દુખાવો ઉપડતા એસ.ટી.બસના ડ્રાઈવરે સમય સૂચકતા વાપરીને એસ.ટી.બસને સરસણ ખાતેના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પાસે બસને લઈ જઈ ઊભી રાખીને આરોગ્ય કેન્દ્રને જાણ કરતા આરોગ્ય કેન્દ્રના આયુષ ડો. શૈલીબેન પટેલ તેમજ સ્ટાફ નર્સ આકાંક્ષાબેન વણકર અને શર્મિષ્ઠાબેન પટેલ તેમજ સેવક નિલેશ ખાંટની મદદથી તાત્કાલિક એસ.ટી.બસમાં પહોંચી જઈને સફળ ડીલીવરી કરાવી હતી. આ સગર્ભા મહિલાને અધૂરા માસે ડીલેવરી થતાં બાળકનું વજન ઓછું હોવાથી માતા અને બાળકને વધુ સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા આયુષ હોસ્પિટલ ખાતે મોકલી આપવામાં આવ્યા હતા. આમ એસ.ટી બસના ડ્રાઇવરની સમય સુચકતા અને આરોગ્ય કેન્દ્રના તબીબી અને સહાયક સ્ટાફે સગર્ભા મહિલાને ત્વરિત સારવાર આપીને ઉગારી લીધી હતી.

## બટાટા, ડુંગળી અને તુવેરની દાળની આયાત રોકવા કિસાન સંઘની માંગ

અમદાવાદ,
તહેવારો વખતે બટાટા, ડુંગળી અને તુવેરની દાળના ભાવ આકાશને આંબી રહ્યા છે ત્યારે ભારતીય કિસાન સંઘ દ્વારા તેની આયાતને રોકવા માટે માંગ કરવામાં આવી છે. કિસાન સંઘનું કહેવું છે કે જો હાલમાં તેની આયાત કરવામાં આવી તો ખેડૂતોને બટાટા, ડુંગળી અને તુવેરની દાળના બજારભાવ નહી મળે. તેઓ આમ પણ લીલા દુકાળનો ભોગ બન્યા છે ત્યારે જો તેની આયાત કરવામાં આવી તો તેઓ માટે આ પડતા પર પાટુ જેવી પરિસ્થિતિ હશે. ખેડૂતોને કંઈક રાહત તો મળવી જોઈએને. તાજેતરમાં સરકાર દ્વારા ડુંગળીની અને બટાટાની આયાતના પગલે તેના ભાવ ઘટવા માંડ્યા છે. ખેડૂતો હાલમાં બટાટા, ડુંગળી અને તુવેરની દાળના ઊંચા ભાવનો ફાયદો મેળવી રહ્યા છે અને પોતાની ખોટને સરભર કરી રહ્યા છે. ફક્ત વેપારીઓને જ બટાટા, ડુંગળી અને તુવેરની દાળના ઊંચા ભાવનો ફાયદો થઈ રહ્યો છે તેવું નથી.

# શહેરા તાલુકામાં વિદ્યાર્થીઓના ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,
ધોરણ ૧ થી ૫ માં ડ્રોપ આઉટ રેટ ૦.૫૫ ટકા અને ધોરણ ૧ થી ૮ માં ડ્રોપ આઉટ રેટ ૧.૪૦ ટકા થવા સાથે શિક્ષણમા વિદ્યાર્થીઓ આગળ વધે તે માટેના પ્રયાસો સ્થાનિક શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવ્યા છે.

શહેરામાં સતત મોનીટરીંગ અને માર્ગદર્શનના કારણે તાલુકામાં ચાલુ વર્ષે ધોરણ ૧ થી ૮ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ડ્રોપ આઉટ રેટમાં મહત્તમ ઘટાડો જોવા મળેલ છે. ધોરણ ૧ માં ૫૪૨૧ અને ધોરણ ૯ માં ૪૭૫૧ નામાંકન થયું છે. સમગ્ર રાજ્યમાં પંચમહાલ જીલ્લો ચોથા ક્રમે અને જિલ્લામાં શહેરા તાલુકો ત્રીજા ક્રમે આવેલ છે. વર્ષ ૨૦૧૮ -૧૯ માં ધોરણ ૧ થી ૫ માં ડ્રોપ આઉટ રેટ ૧.૨૦ ટકા અને ધોરણ ૧ થી ૮ માં ડ્રોપ આઉટ રેટ ૧.૭૯ ટકા હતો. જે વર્ષ ૨૦૧૯-૨૦ ઘટાડો થઈને ધોરણ ૧ થી ૫ માં ડ્રોપ આઉટ રેટ ૦.૫૫ ટકા અને ધોરણ ૧ થી ૮ માં ડ્રોપ આઉટ રેટ ૧.૪૦ ટકા થયો છે. સરકારી શાળાઓમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોની ઓન લાઈન હાજરી, નિયમિતતા, એકમ કસોટી, દર્પણ સાહિત્ય, ધોરણ ૧ અને ૨ બાળકોને પ્રજ્ઞા અભિગમ (પ્રવૃત્તિ મય) થી આપવામાં આવતું શિક્ષણ, શિષ્યવૃતિ અને ગણવેશ સહાયની રકમ સીધી બાળકો કે વાલીના બેન્ક ખાતામાં જમા, ટ્રાન્સપોર્ટેશન સુવિધા, સીઝનલ હોસ્ટેલ, સરકારી મોડેલ સ્કૂલ, કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયમાં રહેવા જમવા અને શિક્ષણની ઉત્તમ સુવિધાઓ, સરકારી શાળાઓમાં NMMS, PSE, ચિત્ર, જવાહરલાલ નવોદય અને વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને સ્પર્ધાઓ, ખેલ મહાકુંભ, કલા મહાકુંભ, ઈકો કલબ અને બાળ મેળાનું શાળા કક્ષાએ આયોજન કરી વિદ્યાર્થીઓની પ્રતિભાને ઓળખી તેને અનુરૂપ માર્ગદર્શન આપવામાં આવે છે. ધો.૧ થી ૮ ની શાળાઓમાં ઈન્ટરનેટ સુવિધા અને કોમ્પ્યુટર લેબ, અર્લી મેથેમેટિક અને ગણિત વિજ્ઞાન કીટ, શાળા પુસ્તકાલય, જ્ઞાનકુંજ પ્રોજેકટ સુવિધા ધરાવતી શાળાઓ, પર્યાવરણ પ્રયોગ શાળાઓ, એસ.ટી.પી.વર્ગ, મધ્યાહન ભોજન યોજના અંતર્ગત બપોરે ભોજન અને નાસ્તો, દૂધ સંજીવની યોજના અંતર્ગત ૧૦૦ ગ્રામ કેસર, મેંગો અને ઈલાયચી ફ્લેવરનું દૂધ, દિવ્યાંગ બાળકો માટે સ્પેશિયલ એજ્યુકેટર દ્વારા માર્ગદર્શન અને મોનીટરીંગ દરમિયાન વિદ્યાર્થી અને વાલીઓની મુલાકાત તથા રિસોર્સ ખાતે વિવિધ કસરતો અને શિક્ષણ, વિવિધ સહાયો જેવી કે પાલક માતા પિતા યોજના, સંત સુરદાસ, બસ પાસ, દિવ્યાંગતાનું સર્ટિફિકેટ, વિવિધ દિવ્યાંગતા ધરાવતા બાળકોને કેલીપર્સ, હિયરીંગ હેડ, ટ્રાયસીકલ, વહીલચેર, ગોડી, મેગ્નેટ લાકડી વગેરે સહાય આપવા હમેશાં અગ્રેસર વગેરે બાબતોનું સમગ્ર શિક્ષા અભિયાન તાલુકા બી.આર.સી.કો.ઓર્ડીનેટર ડો.કલ્પેશ આર.પરમાર અને તેમની ટીમ દ્વારા સઘન અમલીકરણ થતાં શિક્ષણની ગુણવત્તામાં સુધારો થવાના કારણે ડ્રોપ આઉટ રેટમાં ઘટાડો થયો છે. અને નામાંકનમાં વધારો થયો છે. શાળા છોડી દીધેલ બાળકોને એસ.ટી.પી.વર્ગ ચલાવીને શાળામાં જે તે ધોરણમાં મેઈન્સ્ટ્રીમ કરવામાં આવે છે. સમગ્ર શિક્ષા અભિયાન અને શિક્ષણ પરીવારની ઉત્તમ કામગીરીને બી.આર. સી.કો.ઓર્ડીનેટર એ બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

## સગીરા પર દુષ્કર્મના કેસમાં વડોદરા કોર્ટે આરોપીને ૧૦ વર્ષની સખ્ત કેદની સજા ફટકારી

વડોદરા,
વર્ષ ૨૦૧૫માં વડોદરા શહેર નજીક પોર ગામમાં રહેતી ૧૭ વર્ષીય સગીરા પર દુષ્કર્મના કેસમાં વડોદરા કોર્ટે આરોપીને દોષિત ઠેરવીને ૧૦ વર્ષની સખત કેદની સજા ફટકારી છે અને ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

વડોદરા નજીક આવેલા પોર ગામમાં રહેતી ૧૭ વર્ષીય સગીરાની માતા છૂટક મજૂરી કરી પરિવારનું ગુજરાન ચલાવતી હતી. વરણામા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં તેમણે જણાવ્યું હતું કે, વર્ષ-૨૦૧૫નાં મે મહિના દરમિયાન રાત્રિના સમયે પરિવાર સૂઈ ગયો હતો, તે દરમિયાન સૌથી નાની દીકરી અચાનક જ ગુમ થઇ ગઇ હતી. દીકરી મળી ન આવતા પરિવારજનોએ તેની શોધખોળ શરૂ કરી હતી. આ દરમિયાન જાણવા મળ્યું હતું કે, ઈટોલા સ્ટેશન પાસે ઈન્દિરા આવાસમાં રહેતો રાકેશ વસાવા લગ્નની લાલચ આપી ભગાડી ગયો છે અને યુવકે ઉત્તરાયણ પર પાવાગઢ અને ગોંડલ સહિતના સ્થળોએ સગીરા સાથે શારીરિક સંબંધ બાંધ્યા હતા. જે દરમિયાન સગીરાને ૭ મહિનાનો ગર્ભ રહ્યો હતો, ત્યારબાદ પોલીસે સગીરાને પરત લઈ આવતા તે માતા-પિતા સાથે ગઈ હતી અને બે મહિના પછી બાળકીને જન્મ આપ્યો હતો, પરંતુ, ચાર મહિના બાદ બાળકીનું મોત નીપજ્યું હતું.

વડોદરા કોર્ટે બન્ને પક્ષોની દલીલો બાદ આરોપી રાકેશ વસાવાને અપહરણ અને દુષ્કર્મના ગુનામાં દોષિત ઠેરવીને ૧૦ વર્ષની સખત કેદ તથા ૧૦ હજાર રૂપિયાનો દંડ ફટકારવાનો આદેશ આપ્યો હતો. જ્યારે દંડની રૂપિયા ૧૦ હજારની રકમ પીડિતાને ચૂકવવાનો આદેશ કર્યો હતો.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૫૨, વીર સંવત-૨૫૫૬, ઈસ્લામીક સંવત-૨૫૫૫, તા.૦૬-૧૧-૨૦૨૦, શુક્રવાર, નિજ આસો વદ-૬, સૂર્યોદય-૬-૫૪, સૂર્યાસ્ત-૬-૦૭, જૈન નવકારશી-૭-૪૨, આજની રાશિ : કર્ક (ડ.હ.), નક્ષત્રઃ પુનર્વસુ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત-૧૨-૦૮ થી ૧૨-૫૩ સુધી, ૬-૫૫ થી ચલ-લાભ-અમૃત-૧૧-૦૭ સુધી, ૧૨-૩૦થી શુભ-૧૩-૫૪ સુધી, ૧૬-૪૨થી ચલ-૧૮-૦૬ સુધી, ૨૧-૧૮થી લાભ-૨૨-૫૪ સુધી

- શુભ હોરા-
૬-૫૫ થી ૯-૪૩ સુધી, ૧૦-૩૯થી ૧૧-૩૪ સુધી, ૧૩-૨૬થી ૧૬-૧૪ સુધી, ૧૭-૧૦થી ૧૮-૦૬ સુધી

### ૭૭,૧૧,૮૦૯ લોકો સ્વસ્થ્ય થયા, કુલ મોત ૧,૨૪,૩૧૫, એક્ટિવ કેસ ૫,૨૭,૯૬૨
# ભારતમાં કોરોનાના ફરી ૫૦,૦૦૦થી વધુ પોઝિટિવ કેસઃ ૭૦૪ લોકોના મોત



ન્યુ દિલ્હી,
ભારતમાં છેલ્લાં ૨૪ કલાકમાં કોવિડ-૧૯ના ૫૦૨૧૦ નવા કેસ સામે આવ્યા છે. તેની સાથે જ દેશમાં કોરોનાના કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૮૩,૬૪,૦૮૬ થઇ ગઇ છે. તેની સાથે જ છેલ્લાં ૨૪ કાલકમાં ૫૫૩૩૧ દર્દી સાજા થઇ ગયા છે. એટલે કે સાજા થનારા દર્દીઓની સંખ્યા નવા સંક્રમિતોથી વધુ છે. દેશભરમાં અત્યાર સુધી ૭૭ લાખ ૧૧ હજાર ૮૦૯ દર્દી સાજા થઇ ચૂકયા છે. દેશમાં છેલ્લાં ૨૪ કલાકમાં ૭૦૪ દર્દીઓના મોત પણ થયા છે. અત્યાર સુધી દેશભરમાં કોરોનાથી કુલ ૧ લાખ ૨૪ હજાર ૩૧૫ લોકોના મોત થયા છે.

દેશમાં કોરોનાનો રિકવરી રેટ વધીને ૯૨.૨ ટકા થઇ ચૂકયો છે. જ્યારે એક્ટિવ કેસોની સંખ્યા માત્ર ૬.૩૧ ટકા રહી છે. દેશમાં કોરોનાથી ડેથ રેટ ઘટીને હવે ૧.૪૮ ટકા રહ્યો છે. જો કે હજુ પણ પોઝિટિવિટી રેટ ૪.૧૫ ટકા છે. દેશમાં હાલ કુલ એક્ટિવ કેસોની સંખ્યા ૫ લાખ ૭ હજાર ૯૬૨ છે. છેલ્લાં ૨૪ કલાકમાં કુલ ૧૨ લાખ ૦૯ હજાર ૪૨૫ સેમ્પલ ટેસ્ટ કર્યા છે. અત્યાર સુધી દેશભરમાં કુલ ૧૧ કરોડ ૪૨ લાખ ૮ હજાર ૩૮૪ સેમ્પલની તપાસ થઇ ચૂકી છે.

દેશમાં ફરીથી સંક્રમણની રફતાર તેજ થઇ છે. આની પહેલાં ૨૫ ઑક્ટોબરના રોજ કોરોના દર્દીઓની સંખ્યા ૫૦ હજારથી ઉપર હતી. ત્યારે ૫૦૧૨૯ કેસ નોંધાયા હતા. આજે આ સંખ્યા તેનાથી વધુ થઇ ગઇ. જ્યારે વચ્ચે નવા દર્દીઓની સંખ્યામાં ઘટાડો આવ્યો હતો. છેલ્લાં ૨૪ કલાકમાં કેરળમાં સૌથી વધુ નવા દર્દી સામે આવ્યા છે. ત્યાં ૮૫૧૬ નવા કેસોની ઓળખ થઇ ગઇ છે. બીજા નંબર પર રાષ્ટ્રીય રાજધાની દિલ્હી છે, જ્યાં ૬૮૪૨ નવા કેસ સામે આવ્યા છે. આ જ રીતે મહારાષ્ટ્રમાં ૫૫૦૫, પશ્ચિમ બંગાળમાં ૮૫૧૬ નવા દર્દીઓની ઓળખ થઇ છે. બીજા નંબર પર દિલ્હી છે જ્યાં ૬૮૨૪ નવા કેસ સામે આવ્યા છે. આ જ રીતે મહારાષ્ટ્રમાં ૫૫૦૫, પશ્ચિમ બંગાળમાં ૩૯૮૭ અને કર્ણાટકમાં ૩૩૭૭ નવા કેસ સામે આવ્યા છે.

છેલ્લાં ૨૪ કલાકમાં સૌથી વધુ મોત મહારાષ્ટ્રમાં થયા છે. ત્યાં ૩૦૦ દર્દીઓના મોત થયા છે. પશ્ચિમ બંગાળમાં ૫૫, દિલ્હીમાં ૫૧, છત્તીસગઢમાં ૫૦ અને કર્ણાટકમાં ૩૪ દર્દીઓના મોત થયા છે.

દુનિયાભરમાં કોરોના વાયરસના અત્યાર સુધીમાં ૪૮૦૫૮૩૮૫ કેસ નોંધાઈ ચૂક્યા છે. જેમાંથી ૧૨૨૪૮૪૮ લોકોના મોત નિપજ્યા છે જ્યારે ૩૧૮૮૭૦૯૫ લોકો સ્વસ્થ્ય થવામાં સફળ થયા છે. સમગ્ર દુનિયામાં અત્યારે ૧૪૯૪૬૪૪૨ કેસ એક્ટિવ છે. સતત વધી રહેલા કેસના કારણે દુનિયામાં સૌથી વધારે કેસ ધરાવતા દેશોની યાદીમાં પહેલા સ્થાન પર અમેરિકા, બીજા સ્થાન પર ભારત, ત્રીજા સ્થાન પર બ્રાઝીલ અને ચોથા સ્થાન પર રશિયા છે.

# સુરક્ષિત-અસરકારક કોરોના વેક્સિન જાન્યુઆરીમાં લોન્ચ થઈ શકે છે: પૂનાવાલા




ન્યુ દિલ્હી,
કોરોના વાયરસના વધતા જતા કેસો વચ્ચે ભારતને લઈને સારા સમાચાર આવ્યા છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સીઈઓના જણાવ્યા પ્રમાણે આગામી જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં દેશને કોરોના વાયરસની વેક્સીન મળી શકે છે. વેક્સીનની કિંમતને લઈને સરકાર સાથે વાતચીત ચાલી રહી હોવાનું પણ પુનાવાલાએ જણાવ્યું હતું.

સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાના સીઈઓ આદર પૂનાવાલાએ જણાવ્યું હતું કે, એક સુરક્ષીત અને અસરકારક વેક્સીન આગામી વર્ષની શરૂઆતમાં લોંચ થઈ શકે છે. પૂનાવાલાની કંપની ભારતમાં ઓક્સફર્ડ-એસ્ટ્રાજેનેકાની બનાવેલા કોરોનાની વેક્સીન કોવિશિલ્ડનું માણસો પર ટ્રાયલ અને તેનું ઉત્પાદન કરી રહી છે. પૂનાવાલાના મતે જો આ ટ્રાલય સફળ રહી અને રેગુલેટરી બોડીઝ તરફથી મંજુરી મળી જાય તો વેક્સીન ૨૦૨૧માં ભારતમાં આવી શકે છે.

ઓક્સફર્ડ-એસ્ટ્રાજેનેકાના કોવિડ વેક્સીન કેંડિડેટના લેટ સ્ટેજ ટ્રાયલના પરિણામો આગામી મહિને જ સામે આવી શકે છે. જેંએ કહ્યું હતું કે, ભારતમાં વેક્સીનની ટ્રાલયમાં સુરક્ષા સંબંધિત કોઈ સમસ્યા સામે આવી નથી.

આદર પૂનાવાલાએ કહ્યું હતું કે, ભારત અને યૂકેમાં ટ્રાયલની સફળતા બાદ મંજુરી મળે છે કે એમ તેના પર નિર્ભર રહેશે કે વેક્સીન કેટલા સમયમાં મળવાની શરૂ થઈ જશે. જો વધુ સમુસુતરૂ પાર પડ્યું તો જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં દેશને વેક્સીન મળી જશે. જોકે તે અસરકારક અને સુરક્ષીત હોવી જરૂરી છે. કોવિશીલ્ડ વેક્સીનને લઈને કોઈ જ ચિંતાજનક વાત નથી. ભારતમાં હજારો લોકોને તેના ડૉઝ આપવામાં આવી ચુક્યા છે. જોકે વેક્સીનની લાંબાગાળાની અસરો તપાસવામાં હજી ૨ થી ૩ વર્ષ લાગી શકે છે.

સીરમ ઈન્સ્ટિટ્યૂટના સીઈઓના જણાવ્યા પ્રમાણે, કોવિશીલ્ડ વેક્સીન કેટલા સમયમાં મળશે તેને લઈને સરકાર સાથે તેમની વાતચીત ચાલી રહી છે. સાથો સાથ એ પણ સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે કે, લોકોને આ વેક્સીન પોસાય તેવા ભાવે પુરી પાડવામાં આવે. જોકે અમે પણ એ વાતને લઈને નિશ્ચિંત છીયે કે, આ વેક્સીન બધાને જ પરવડશે તેવી હશે.

## અમદાવાદ સ્થિત કોંગ્રેસ કાર્યાલયમાં છ કર્મચારી પોઝિટિવ આવતા ફફડાટ

અમદાવાદ,
ભાજપના પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ બાદ હવે પાલડી સ્થિત કોંગ્રેસ કાર્યાલયે કોરોના પહોંચ્યો છે. કોંગ્રેસ ભવનમાં ફરજ બજાવતાં છ કર્મચારીઓને કોરોના પોઝિટીવ આવતાં અન્ય સ્ટાફ, આગેવાનોમાં ફફડાટ મચ્યો છે. આ સ્થિતિ વચ્ચે કોંગ્રેસ ભવન પર રોજ મુલાકાતીઓ આવતાં હોય છે, તેમ છતાં જિસઈન્ફેકશન બોકસ કાર્યરત કરાતું નથી.

હમણાં જ ગુજરાત વિધાનસભાની આઠ બેઠકોની પેટાચૂંટણી તેમજ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને ધ્યાને રાખી કોંગ્રેસ ભવન ખાતે આગેવાનો-કાર્યકરોના ધાડેધાડા ઉમટી પડ્યા હતા. જેમાં કોઈ જાતનું ડિસ્ટન્સ ન જળવાતાં કોંગ્રેસ ભવનમાં ય હવે કોરોના ઘૂસ્યો હોવાનું મનાય છે.

કોંગ્રેસ ભવનમાં ઓફિસ સુપરિન્ટેન્ડેન્ટ રાજુ કુસુમગર સહિત છ કર્મી સપડાયા છે, એકાઉન્ટ વિભાગમાં ત્રણ કર્મી, સુપરિન્ટેન્ડેન્ટ ઓફિસમાં બે અને અન્ય એક કર્મી સામેલ છે. કોંગ્રેસ ભવનમાં કોરોનાના કેસો સામે આવતાં રોજ આવતાં આગેવાનો-કાર્યકરો-સ્ટાફમાં ફફડાટ છે, હજુ સુધી સ્ટાફના કોંગ્રેસ તરફથી ટેસ્ટ કરાયા નથી. ગભરાટના કારણે કેટલાક કર્મીઓ જાતે જ ટેસ્ટ કરાવી રહ્યા છે.

## દૈનિક રાશીફળ
તા.૦૬.૧૧.૨૦૨૦ શુક્રવાર

મેષ(અ.લ.ઈ.):-સટ્ટાકિય કાળજી રાખવી. નોકરીમાં બદલી બઢતી મળે. માનસિક ચિંતા હળવી બને. આનંદમય વાતાવરણ રહે.
વૃષભ(બ.વ.ઉ.):-શારીરિક સુખ ઉત્તમ રહે. સંતાન સુખ ઉત્તમ. બુદ્ધિવિવેકથી કાર્યમાં પ્રગતિ મળે.
મિથુન(ક.છ.ઘ.):-ઈષ્ટદેવની ઉપાસનાથી મુશ્કેલીમાં રાહત, ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ. વાતાવરમ સુમેળ રહે.
કર્ક(ડ.હ.):-વેપાર અર્તે થેયલો પ્રવાસ લાભદાયી બની રહે. આવકનું પ્રમાણ જળવાઈ રહે. અભ્યાસમાં પ્રગતિ.
સિંહ(મ.ટ.):-ધાર્મિક યાત્રા-પ્રવાસનો યોગ.કુટુંબ સુખ ઉત્તમ આરોગ્ય સુખાકારી જદ્યળવાઈ રહે. આકસ્મિક ધનલાભ બને.
કન્યા(પ.ઠ.ણ.):-માનસિક ચિંતા હળવી બને. વાહન-મકાન સુખ ઉત્તમ રહે. કુટુંબમાં શુભ પ્રસંગ આવે.
તુલા(ર.ત.):-ધંધાનું આયોજન સફળ બને. આવકનું પ્રમામ જલવાઈ રહે. ઉત્તમ સમય. આરોગ્ય સારું રહે.
વૃશ્ચિક(ન.ય.):-કાયદાકીય પ્રશ્નો હલ થાય. વારસાગત મિલકતની પ્રાપ્તિ થાય. માનસિક ચિંતા હળવી બને.
ધન(ભ.ધ.ફ.ઢ.):-રોજગારીની નવી તકો મળે. દંધાકીય નવું રોકાણ શકય બને. વાતાવરણ સુમેળ બને. અભ્યાસમાં પ્રગતિ.
મકર(ખ.જ.):-સંતાન-સંબંધી પ્રશ્નો હલ થાય. આવકનું પ્રમાણ જળવાઈ રહે. એકંદરે સમય શુભ. આરોગ્ય સારું રહે.
કુંભ(ગ.શ.સ.):-રાજકીય ક્ષેત્રે જવાબદારીમાં વધારો થઈ શકે છે. કાયદાકીય પ્રશ્નોનો હલ થાય. આરોગ્ય સુખમયી બને.
મીન(દ.ચ.ઝ.):-વિવાહ-લગ્ન સંબંધી શુભ સમય સંતાનના પ્રશ્નો હલ થાય. કુટુંબ વાતાવરણ સુમેળ રહે. નોકરીમાં બઢતી થાય.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# દેવગઢ બારીયાના વિવિધ ગામોમાં ૨૮.૩૮ કિ.મી.ના પાકા રસ્તાઓની કામગીરીનો શુભારંભ

દાહોદ,

દાહોદ જિલ્લાના અંતરિયાળ ગામોમાં ૧૫ કરોડથી વધુના ખર્ચે ૨૮.૩૮ કિ.મી.ના પાકા રસ્તાની કામગીરીનો આરંભ રાજયમંત્રી બચુભાઇ ખાબડે દેવગઢ બારીયાના ટીડકી ગામથી ખાતમુહૂર્ત કરાવીને કર્યો છે. ઉપરાંત તેમણે ઝાબીચા, મોટી ખજૂરી, અંતેલા, હીન્દોલીયા અને અસાયડી ગામ ખાતે પણ પાકા રસ્તા બનાવવાની કામગીરીનો આજે શુભારંભ કરાવ્યો છે. દેવગઢ બારીયાના વિવિધ ગામોમાં ૧૫૭૬.૫૦ લાખના ખર્ચે ૨૮.૩૮ કિ.મી.ના પાકા


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

રસ્તાઓની કામગીરીનું મંત્રી ખાબડે ખાતમુહૂર્ત કર્યું હતું.

કોઇ પણ ગામના વિકાસ કરવો હોય તો રસ્તો એ પ્રથમ જરૂરીયાત છે. જે ગામમાં પાકા રસ્તા નથી હોતા તેઓનો વિકાસ થઇ શકતો નથી. ગામોના વિકાસ માટે સરપંચની જાગૃકતા અને સક્રિયતા પણ એટલી જ મહત્વની છે. રાજય સરકારે દરેક ક્ષેત્રે વિકાસની નવી ક્ષિતિજો સર કરી છે ત્યારે છેવાડાના ગામોના વિકાસને સરકારે હંમેશા પ્રથમ પ્રાથમિકતા આપી છે.

દેવગઢ બારીયાના વિવિધ અંતરિયાળ ગામો જયાં પાકા રસ્તાની તાતી જરૂરીયાત હતી ત્યાં નવા પાકા રસ્તાઓની કામગીરીનો ખાતમુહૂર્ત કરી આરંભ કરીએ છીએ. જે ૬ ગામોમાં આજે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે તેમાં ટીડકી ગામના બે રસ્તાઓ બે કી.મી. અને ૩.૫૦ કી.મી.ની લંબાઇના અનુક્રમે ૧ કરોડ તથા ૭૦ લાખના ખર્ચે, ઝાબીચા ગામમાં ૧.૨૦ કી.મી.ની લંબાઇનો એક રસ્તો ૩૯.૪૩ લાખના ખર્ચે, મોટી ખજૂરી ગામમાં બે રસ્તાઓ ૦.૬૦ અને ૭ કી.મી.નાં અનુક્રમે ૪૦ લાખ અને ૩.૫ કરોડના ખર્ચે, અંતેલા ગામમાં ૧.૬૩ કી.મી. અને પાંચ કી.મી. ના બે રસ્તાઓ અનુક્રમે ૩૦.૯૭ લાખ અને ૩૯૩.૨૧ લાખના ખર્ચે, હીન્દોલીયા ગામમાં ૧.૮૫ કી.મી.નો એક રસ્તો ૭૫ લાખના ખર્ચે, અસાયડી ગામમાં ૫.૬૦ કી.મી. નો એક રસ્તો ૪૭૭.૮૯ લાખના ખર્ચે બનાવવામાં આવશે.

આ પાકા રસ્તાઓ બનવાથી ગામનો વિકાસ ઝડપી થશે. રાજય સરકારે દાહોદ જિલ્લાના વિકાસને હંમેશા પ્રાથમિકતા આપી છે. રાજય સરકારે ખેડૂતોને સિંચાઇ માટે થ્રી ફેઇઝ વીજળી દિવસે પણ આઠ કલાક મળે તે માટેની યોજનાની શરૂઆત દાહોદ જિલ્લાથી કરી છે અને જિલ્લાના ખેડૂતોને દિવસે વિજળી મળતાં મોટી રાહત મળી છે. ખૂબ નજીકના ભવિષ્યમાં સિંચાઇની યોજનાઓ, ઘરે ઘરે પીવાના પાણી મળે તે માટેની યોજનાઓ પણ સાકાર થશે અને જિલ્લામાં લોકોને તેના લાભ મળતા થશે.

કાર્યક્રમમાં જિલ્લાના અગ્રણી અમરસિંહ રાઠવા, કરણસિંહ, સરદારસિંગ ઉપરાંત દેવગઢ બારીયાના પંચાયત પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઇજનેર પ્રતિક સોની, ગામના સરપંચ, આંગેવાનો, અગ્રણીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## ધાનપુર નળુ ગામેથી તુફાન ગાડીમાં લઈ જવાતો ૪૬ હજારનો દારૂનો જથ્થો ઝડપ્યો

દાહોદ,

ધાનપુર તાલુકાના નળુ ગામેથી પોલીસે નાકાબંધી દરમિયાન એક તુફાન ફોરવીલ ગાડી ની અંદર થી રૂપિયા ૪૬૯૮૦/- નાગપુરી જથ્થા સાથે બે વ્યક્તિઓની અટક કર્યાનો જાણવા મળે. પોલીસે વાહન મળી કુલ રૂપિયાર,૪૬,૯૮૦/- નો મુદ્દામાલ કબજે કર્યો છે.

જેનકભાઈ સનિયાભાઈ પસાયા રહેવાસી ડુમકા અને નરેશભાઈ સુરતાનભાઈ ભુરીયા રહેવાસી ખરતા તાલુકો ધાનપુર જિલ્લો દાહોદ આ બંને જણા એકબીજાના મેળાપીપણામાં ગત તારીખ ૪ નવેમ્બરના રોજ પોતાના કબજાના તુફાન ફોર વીલર ગાડી વિદેશી દારૂની હેરાફેરી કરી રહ્યા હતા. ઉપરોક્ત બંને જણા ધાનપુર તાલુકાના નળુ ગામેથી પસાર થતા પોલીસે તેઓની વાહન સાથે અટક કરી હતી અને વાહનની તલાશી લેતાં તેમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો નંગ ૧૦૮ કિંમત રૂપિયા ૪૬૯૮૦/- નો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી અને બે લાખ રૂપિયાની કિંમતની તુફાન ફોરવીલ ગાડી કબજે લઈ કુલ રૂપિયા ૨,૪૬,૯૮૦/- ના મુદ્દામાલ સાથે ઉપરોક્ત બંને વ્યક્તિઓની ધાનપુર પોલીસે અટક કરી ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દસ નવી અત્યાધુનિક બાઈકો સાથે હાઈ વે પર બાજ નજર રાખશે દાહોદ જિલ્લા પોલીસ

દાહોદ,

દાહોદના હાઇ વે પર નાઇટ પેટ્રોલીંગની કામગીરી હવે વધુ ચુસ્ત બની છે. જિલ્લા પોલીસ વડા હિતેશ જોયસરે આજ રોજ ખંગેલા ચેક પોસ્ટ ખાતેથી ૧૦ નવી અત્યાધુનિક બાઇકોને લીલી ઝંડી આપી છે. આ ઉપરાંત પાંચ બાઇકો દાહોદ શહેરની સુરક્ષા વધુ સઘન બનાવવા માટે ટાઉન પોલીસને ફાળવવામાં આવી છે. આ પ્રસંગે એએસપી શૈફાલી બારવાલે પણ બાઇકોને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું.


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

આ પ્રસંગે પોલીસ વડા હિતેશ જોયસરે જણાવ્યું કે, દાહોદ જિલ્લા પોલીસ દ્વારા દાહોદ ઇન્દોર હાઇવે પરનો સુરક્ષા બંદોબસ્ત વધુ સઘન બનાવવામાં આવ્યો છે. પરિણામે હાઇવે પરની ચોરી-લૂટફાંટની ઘટનાઓમાં નોંધપાત્ર ઘટાડો આવ્યો છે. હાઇવે પર નવ પોલીસ સહાયતા કેન્દ્ર પર પોલીસકર્મી ચોવીસે કલાક ખડેપગે ફરજ બજાવી રહ્યાં છે. રાતે પસાર થતાં મુસાફરોને કોઇ પણ પ્રકારની સહાય અને સુરક્ષા માટે તેઓ પ્રતિબદ્ધ છે. રાત્રી દરમિયાન પોલીસની ૧૦ ગાડીઓ સતત પેટ્રોલીગ દ્વારા હાઇવે પર બાજ નજર રાખે છે. ત્યારે અત્યાધુનિક ૧૦ બાઇકો સાથે હાઇ વે પરની સુરક્ષાને વધુ સઘન બનાવવામાં આવી છે. કલેકટર વિજય ખરાડીએ આ માટે જરૂરી ગ્રાંન્ટની ફાળવણી કરી હતી. પંચમહાલ પોલીસ રેન્જ આઇ.જી. એમ.એસ. ભરાડાએ હાઇ વે પરની સુરક્ષાને અગત્યની પ્રાથમિકતા ગણી પ્રાધાન્ય આપવા જણાવ્યું છે. ત્યારે ભવિષ્યમાં હાઇ વે પરની સુરક્ષા હજુ પણ વધુ અત્યાધુનિક સાધનો સાથે સજજ કરવામાં આવશે. હાઇ વે પર મદદ માટે કોઇ પણ નાગરિક હેલ્પ લાઇન નં. ૮૭૮૦૩૯૦૩૯૭ પર ફોન કરી શકે છે. આ પ્રસંગે લીમખેડા ડીવાયએસપી કાનન દેસાઇ, ડીવાયએસપી સોલંકી સહિતના અધિકારીઓ, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

## લીમડી ખાતેથી આર્મ્સ એકટ અને ખૂનની કોશીષના વોન્ટેડ આરોપીને પોલીસે ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી પોલીસ મથક વિસ્તારમાં ખૂનની કોશિશ તેમજ આર્મ્સ એક્ટ નાગપુર ગામ ચાર વર્ષથી નાસતો ફરતો આરોપીને પેરોલ ફ્લો સ્કોડ દાહોદ દ્વારા ઝડપી પાડી જેલ ભેગો કર્યો હોવાનું જાણવા મળે છે.

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક હિતેશ જોયસરની સૂચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાના પેરોલ ફ્લો,વચગાળાના જામીન, પોલીસ જાપ્તામાંથી જેલ ફરારી કેદીઓ તથા નાશતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડી પાડવા સારૂ પેરોલ ફ્લો સ્કોડ પોલીસને સૂચનાઓ આપવામાં આવતા પોલીસ દ્વારા દાહોદ જિલ્લામાં સઘન તપાસ હાથ ધરી હતી.આ દરમિયાન મળેલ બાતમીના આધારે દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકાના લીમડી પોલીસ મથકના ખૂનની કોશિશ તેમજ આર્મ્સ એક્ટ હેઠળ ગુનામાં સંડોવાયેલા આરોપી બીપીનભાઈ મલાભાઈ નીનામા (રહેવાસી ચાકલીયા,તળાવ ફળિયુ,તાલુકો ઝાલોદ, જિલ્લો દાહોદ)છેલ્લા ચાર વર્ષથી નાસતો ફરતો હતો અને આરોપી લીમડીમાં હોવાનું પોલીસને બાતમી મળતાં લીમડી ખાતે વોચ ગોઠવી પોલીસ ઊભી હતી. આ દરમિયાન ઉપરોક્ત આરોપી જોવાની સાથે જ પોલીસે તેને દબોચી લીધો હતો. પોલીસે આરોપીની અટક કરી જેલના સળીયા પાછળ ધકેલી દઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ગરબાડાના વડવા ગામેથી બળદ ચોરી કરી જતાં ફરિયાદ

દાહોદ,

ગરબાડા તાલુકાના વડવા ગામે મકાનની બાજુમાં ખુલ્લી જગ્યામાં બંધ રાખેલ એક બળદ કિંમત રૂપિયા ૬,૦૦૦ ની ત્રણ વ્યકિતઓ દ્વારા ચોરી કરી લઇ જતાં પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે.


ગરબાડા તાલુકાના વડવા ગામે રહેતા દિલેશભાઈ માવી રોહિત ભાઈ બિલવાલ અને નવીનભાઈ ભાભોર દ્વારા ગત તારીખ બે નવેમ્બરના રોજ પોતાનાથી ગામમાં રહેતા હજારીબેન સમસુ ભાઈ બીલવાળ ના મકાનની બાજુમાં ખુલ્લી જગ્યામાં બાંધી રાખેલા એક બળદ કિંમત રૂપિયા ૬,૦૦૦ ની ઉપરોક્ત ત્રણ એ વ્યકિતઓ દ્વારા કોઈ કરી લઈ નાસી જતા આ સંબંધે હજારી બેન બીલવાડ દ્વારા જેસાવાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### વડોદરા કિશોરી દુષ્કર્મ કેસમાં નવો ખુલાસો

# શિષ્યા દિશાએ જ દુષ્કર્મ પીડિતાને તાંત્રિક પ્રશાંતના રૂમમાં મોકલતી હતી

વડોદરા,

વડોદરાના તાંત્રિક પ્રશાંત ઉપાધ્યાયે એક કિશોરી પર દુષ્કર્મ આચર્યું હોવા મામલે દરરોજ અલગ અલગ ખુલાસા થઈ રહ્યા છે. આ મામલે પોલીસે પ્રશાંતની શિષ્યાની ધરપકડ કરી હતી. જેની પૂછપરછ દરમિયાન શિષ્યા દિશા ઉર્ફે જોન સચદેવે એવી કબૂલાત કરી છે કે તેણે પીડિતાને પ્રશાંત ઉપાધ્યાયના રૂમમાં મોકલતી હતી. ધરપકડ બાદ પોલીસે દિશાનો મોબાઈલ ફોન પણ કબજે લીધો છે. હવે આ મામલે દુષ્કર્મના આરોપી પ્રશાંત ઉપાધ્યાયની જેલમાંથી ટ્રાન્સફર વૉરંટના આધારે ધરપકડ કરવામાં આવશે. ગોત્રી પોલીસ સ્ટેશનમાં પ્રશાંત સામે



દુષ્કર્મની ફરિયાદ નોંધવામાં આવી છે. જે સમયે દુષ્કર્મ થયું હતું ત્યારે પીડિતા સગીર વયની હોવાથી પોલીસે પોક્સોની કલમ પણ લગાવી છે.

બગલામુખી મંદિરના પાખંડી પ્રશાંત ઉપાધ્યાયે એક કિશોરી પર પાંચ વર્ષ સુધી દુષ્કર્મ આચર્યુ હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ કેસમાં પાખંડી પ્રશાંતની સેવિકા દિશાએ અનેક ખુલાસા કર્યા છે. દિશાએ કબૂલાત કરી છે કે તેણી જ પીડિતાને પ્રશાંતના રૂમમાં મોકલતી હતી. એટલું જ નહીં જ્યારે પીડિતાનુ શોષણ થતું હતું ત્યારે તેણી ચૂપ રહેતી હતી. એવી પણ માહિતી મળી છે કે દિશા તાંત્રિક પ્રશાંતથી એટલી પ્રભાવિત હતી કે, પ્રશાંત તેનું શારીરિક શોષણ કરતો હતો તો પણ તે કંઈ બોલતી ન હતી. એટલું જ નહીં, તેણી છેલ્લા ૧૨ વર્ષથી પ્રશાંત સાથે રહેતી હતી. દિશા પ્રશાંત કહે તેમ કરતી હતી, ક્યારેય કોઈ સવાલ પણ કરતી ન હતી.

પાખંડી પ્રશાંતે પોતાના દયાનંદ પાર્ક ખાતેના આશ્રમમાં રહીને સેવા કરતા કિશોરી પર ૨૦૧૩થી ૨૦૧૭ના વર્ષ દરમિયાન ૧૨ વખત દુષ્કર્મ આચર્યાનો આક્ષેપ કિશોરીએ કર્યો છે. આ ઉપરાંત પ્રશાંતે તેણીનો વીડિયો ઉતાર્યો હોવાનો દાવો પણ કિશોરીએ કર્યો છે. પીડિતાનો આક્ષેપ છે કે દિશા આ તમામ વાતોથી વાકેફ હતી. દિશા ઉપરાંત અન્ય શિષ્યા દીક્ષા અને ઉન્નતી જોશી પણ આ વિશે જાણતી હોવાનો કિશોરીનો દાવો છે.

## પ્રચારના અંતિમ દિવસે નીતિશકુમારનો મોટો દાવ: આ મારી છેલ્લી ચૂંટણી છે



પટના,

બિહાર વિધાનસભા ચૂંટણીના પ્રચારના અંતિમ દિવસે મુખ્યમંત્રી નીતિશ કુમારે મોટી જાહેરાત કરી છે. તેમણે કહ્યું કે, આ તેમની અંતિમ ચૂંટણી છે.

મુખ્યમંત્રી નીતિશ કુમારે પૂર્ણિયામાં જનસભાને સંબોધિત કરતા કહ્યું કે, જાણી લો આજે ચૂંટણીનો અંતિમ દિવસ છે અને પરમ દિવસે ચૂંટણી છે. આ મારી અંતિમ ચૂંટણી છે. અંત ભલા તો સબ ભલા.

ઉલ્લેખનિય છે કે, બિહાર વિધાનસભાની ચૂંટણીઓ ચાલી રહી છે અને આ ચૂંટણીને લઈને રાજકિય પાર્ટીઓ દ્વારા પ્રચાર-પ્રસાર જોરશોરથી થઈ રહ્યો છે. આ વચ્ચે નીતિશ કુમારનું આ નિવેદન સામે આવ્યુંછે.

નીતિશ કુમારે વર્ષ ૧૯૭૨માં બિહાર એન્જીનિયરિંગ કોલેજમાં અભ્યાસ કર્યો. તેમણે થોડાં સમય માટે બિહાર સ્ટેટ ઈલેક્ટ્રીસિટી બોર્ડમાં નોકરી પણ કરી પરંતુ જયપ્રકાશ નારાયણ, રામમનોહર લોહિયા જેવા નેતાઓના સંપર્કમાં આવ્યા બાદ તેઓ રાજનીતિમાં આવ્યા.

ઉલ્લેખનિય છે કે, નીતિશ કુમારે વર્ષ ૧૯૭૭માં પોતાની પહેલી ચૂંટણી લડી હતી. તેમણે નાલંદાના હરનૌતથી ચૂંટણી લડી હતી. અહીંથી નીતિશ કુમાર ચાર વખત ચૂંટણી લડી જેમાં તેમણે ૧૯૭૭ અને ૧૯૮૦માં હાર મળી, જ્યારે ૧૯૮૫ અને ૧૯૯૫ની ચૂંટણીમાં તેમની જીત થઈ હતી.

## સોમનાથ નજીક ૨૧ કરોડના ખર્ચે બનાવવામાં આવશે પાર્વતી મંદિર

વેરાવળ,

સોમનાથઃ સોમનાથ તીર્થ ધામમાં ભાવિકો માટે વધુ એક દર્શનીય સ્થળનો ઊમેરો કરવામાં આવશે. સોમનાથ મંદિર પરિસરમાં ભવ્ય શક્તિપીઠ પાર્વતી મંદિરનું નિર્માણ કરવામાં આવશે. આ મંદિર રૂપિયા ૨૧ કરોડના ખર્ચે બનાવવાનો નિર્ણય સોમનાથ ટ્રસ્ટે લીધો છે.ટ્રસ્ટના દિવંગત ચેરમેન કેશુભાઈ પટેલ દ્વારા આ અંતિમ નિર્ણય લેવામાં આવ્યો હતો.

સોમનાથ હરિ અને હરની ભૂમિ તરીકે ઓળખાય છે. અહીં ભગવાન સોમનાથ સાથે ગૌલોકધામ ખાતે ભગવાન કૃષ્ણ નિજધામ ગયાં તે મંદિર છે. તો તાજેતરમાં ભવ્ય રામમંદિર પણ બન્યું, પરંતુ અહીં માતાનું ભવ્યતાપૂર્ણ મંદિર નહોતું. જેથી સોમનાથ ટ્રસ્ટે તાજેતરમાં સોમનાથ મંદિર પરિસરમાં જ પાર્વતી માતાજીનું મંદિર બનાવવાનો નિર્ણય લીધો છે.

રૂપિયા ૨૧ કરોડના ખર્ચથી સફેદ માર્બલનું ભવ્ય શક્તિપીઠ સમું પાર્વતી માતાજીનું મંદિર બનાવવાનો સોમનાથ ટ્રસ્ટે નિર્ણય લીધો છે. આ નિર્ણયથી માઈભક્તોમાં ભારે આનંદની લાગણી છવાઈ છે, ત્યારે સોમનાથ શિવ અને શક્તિની ઉપાસના એકસાથે થઈ શકશે. આ નિર્ણયથી શ્રદ્ધાળુઓમાં અનેરો ઉત્સાહ છવાયો છે. દિવંગત ચેરમેન કેશુભાઈ પટેલના આ નિર્ણય બદલ લોકો તેમને યાદ કરીને સન્માન આપી રહ્યાં છે, ત્યારે સોમનાથ તીર્થમાં આવનારા ભાવિકોને હવે શક્તિપીઠમાં માતા પાર્વતીજીના દર્શન કરવાનો ધન્ય અવસર મળશે. સોમનાથ તીર્થમાં અનેક વિકાસકાર્યો ધમધમી રહ્યાં છે. જેમાં પાર્વતી મંદિરનો પણ ઊમેરો થશે.

# CM ડેશ બોર્ડમાંથી ફોન આવ્યો અને દાહોદ જિલ્લાના શીલાબેન નિનામાની તુરંત સોનોગ્રાફી થઈ

દાહોદ,

અણીના સમયે મળેલી મદદનો ઉપકાર જીવનપર્યંત ભૂલાતો નથી. એમાંય જો તમને કોઈ શારીરિક તકલીફ થઈ હોય અને તેવા સમયે બનેલા મદદગાર દેવદૂતસમાન લાગે છે. આવું જ કંઈક દાહોદ જિલ્લાના ખરોદા ગામમાં રહેતા શીલાબેન પપ્પુભાઈ નિનામા સાથે બન્યું છે. તેમના માટે સીએમ ડેશ બોર્ડ હમદર્દ બન્યું અને આ ઘટના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના નેતૃત્વની રાજ્ય સરકારની સંવેદનશીલતાની પરિચાયક બની. મૂળ વાત એમ છે કે, થોડા દિવસો પૂર્વે શીલાબેન તેમના પતિ સાથે મુસાફરી કરતા હતા. સાતમો માસ જતો હતો પણ,



આ સામાજિક પ્રવાસ ટાળી શકાય એવો નહોતો. એટલે નાછૂટકે જવું પડ્યું. હવે થયું એવું કે આ પ્રવાસના કારણે તેમને દુઃખાવો ઉપડ્યો.

તેમને તાત્કાલીક દવાખાને ખસેડવા પડ્યા. ડોક્ટરે તેમની સ્થિતિને ધ્યાને રાખી દવા તો આપી પણ, ગર્ભાવસ્થા હોવાથી વધુ તપાસ કરવા માટે સોનોગ્રાફી કરાવવાની સલાહ આપી. સોનોગ્રાફી કરવી ખૂબ જ જરૂરી હતી.

શીલાબેનના પતિ છૂટક શ્રમકાર્ય કરીને પોતાનું ગુજરાન ચલાવે છે. રોજનું કમાઈ રોજનું જમવાનું એવી સ્થિતિ. આવા સંજોગોમાં શીલાબેનને ખાનગી સેન્ટરમાં સોનોગ્રાફી કરાવવી આર્થિક રીતે પોસાય એમ નહોતું. તેઓ દાહોદ સ્થિત ઝાયડ્સ મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં સોનોગ્રાફી કરાવવા માટે ગયા તો ત્યાં બે દિવસ પછી વારો આવે એમ હતો. એટલે શીલાબેનને રડમસ ચહેરે ઘરે પરત આવવું પડ્યું.

શીલાબેનને સોનોગ્રાફી કરાવવાની વાત સીએમ ડેશ બોર્ડના માધ્યમથી મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના કાર્યાલયના ધ્યાને આવી. આરોગ્ય સેવાને સુદ્રઢ બનાવવા માટે સતત યત્નશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આવી બાબત તુરંત સંલગ્ન તંત્રને ધ્યાને લાવવા સૂચના આપી છે. એથી ઝાયડ્સ હોસ્પિટલમાં ગાંધીનગરથી ફોન આવ્યો અને શીલાબેનની તુરંત સોનોગ્રાફી કરવાની સૂચના આપવામાં આવી.

શીલાબેનને હોસ્પિટલે બોલાવવામાં આવ્યા અને તેની સોનોગ્રાફી કરાવવામાં આવી. સીએમ ડેશ બોર્ડ તેમના માટે હમદર્દ બન્યું. સાથે, સરકારના ખર્ચે સારવાર પણ કરાવવામાં આવી. જેમાં આયર્નની ગોળી સહિતની દવાઓ પણ આપવામાં આવી. શીલાબેન કહે છે કે, તેમને સપનેય ખ્યાલ નહોતો કે અમારા પર ગાંધીનગરથી ફોન આવશે અને તુરંત સોનોગ્રાફી કરાવવામાં આવશે. મારી આવી દરકાર રાખવા બદલ હું મુખ્યમંત્રીનો આભાર માનું છું.

## દાહોદ જીલ્લાની બે પરણિતાઓએ સાસરીયાઓના ત્રાસથી કંટાળી પોલીસ ફરિયાદ નોંધાવી

દાહોદ,

દાહોદ જિલ્લામાં બે જુદી જુદી જગ્યાએ પતિ તથા સાસરિયાઓના ત્રાસથી વાજ આવે બે પરિણીતાઓ દ્વારા ન્યાયની ગુહાર માટે દાહોદ પોલીસ મથકના દરવાજા કટારીયા નુ જાણવા મળે છે.

પ્રથમ બનાવ દેવગઢ બારિયા તાલુકાના ડાંગરિયા ગામ નો સામે આવ્યો છે. જેમાં હાલ પિયરમાં ઉધાવળા ગામે રહેતી ૨૪ વર્ષીય કૈલાસબેન વિજયભાઈ પટેલ દ્વારા નોંધાવેલી ફરિયાદ અનુસાર, દોઢ વર્ષ અગાઉ ડાંગરિયા ગામે રહેતા વિજયભાઈ બળવંતભાઈ પટેલ સાથે પ્રેમલગ્ન કર્યા હતા. લગ્નના થોડા સમય સુધી વિજયભાઈ તથા સાસુ સવિતાબેન દ્વારા કૈલાસ બેન એ સારૂ રાખ્યા બાદ પોત પ્રકાશ્યું હતું અને અવારનવાર ના ટોળામાં પતિ વિજયભાઈ તથા સાસુ સવિતાબેન, તને ઘરનું કામ બરાબર આવડતું નથી તેમ કહી શારીરિક તેમ જ માનસિક ત્રાસ આપી મારી નાખવાની ધમકી આપતા આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ કૈલાસબેન વિજયભાઈ પટેલ દ્વારા પોતાના પતિ તથા સાસુ વિરૂદ્ધ દાહોદ મહિલા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

બીજો બનાવ દાહોદ તાલુકાના મોટાનટવા ગામે બનવા પામ્યો હતો જેમાં ૩૮ વર્ષીય બિંદેશ્વરી બેન અતુલભાઈ ડોડીયાર દ્વારા નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યા અનુસાર તેઓ ના લગ્ન ૧૮ વર્ષ અગાઉ મોટાનટવા ગામે ધામણીયા ફળિયામાં રહેતા અતુલભાઈ વાલાભાઈ ડોડીયા સાથે સમાજના ફરીથી રિવાજ મુજબ થયા હતા લગ્નના પાંચેક વર્ષ સારૂં રાખ્યા પણ પોત પ્રકાશ્યું હતું અને પતિ અતુલભાઈ દ્વારા બિંદેશ્વરી બેન ને અવનવા ના ટોળા મારી કહેતો હતો કે, તને ઘરનું કામકાજ બરાબર આવડતું નથી, તું તારા બાપા ના ઘરે જતી રહે, મારે બીજી પત્ની આવવાની છે તેમ નહીં બિંદેશ્વરી બેન જોડે ઝઘડો તકરાર કરી, મારઝુડ કરી શારીરિક તેમજ માનસિક ત્રાસ આપતો હતો અને મારી નાખવાની ધમકી પણ આપતો હતો. આવા અમાનુષી ત્રાસથી વાજ આવેલ બિંદેશ્વરીબેન દ્વારા દાહોદ મહિલા પોલીસ મથકે પતિ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

Published by Ajay Kantilal Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Ajay Kantilal Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 66

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## વર્ષોથી પોતાના ધંધામાં આંધળી કમાણી કરનાર

# ગોધરા તથા વેજલપુરના ૨૦ પ્રતિષ્ઠિત વેપારીઓને ત્યાં ૧૫ ટીમના આવક સર્વેથી ફફડાટ

- વહેલી સવારે ૪ કલાકે વડોદરા ઈન્કમટેક્સની રેડ.
- ઈન્કમટેક્સની રેડના પગલે અન્ય વેપારીઓ ભૂગર્ભમાં ચાલી ગયા.
- અચાનક નિંદર ઉડી જતાં વેપારીઓમાં દોડધામ.
- ફાયનાન્સ, ખાદ્યતેલ, ઓટોમોબાઈલ્સ, ગારમેન્ટ વગેરે પેઢીઓ પર દરોડો.
- દરોડો પાડીને અધિકારીઓની ફોજે બે નંબરી આવક શોધવાનું અભિયાન.
- લાંબા સમય બાદ વેપારીઓને ત્યાં દરોડા થી નાસભાગ.
- મોડી સાંજ સુધી તમામને ત્યાં સર્વે કાર્યરત.
- હજૂ સર્વે ગણતરી ચાલતા બે હિસાબી આંકડો ગુપ્ત.
- એકાદ બે દિવસમાં આવક વિભાગ દ્વારા સકંજો કસાશે.
- વાયુ વેગે વાત પ્રસરતા અન્ય વેપારીઓએ પેઢીઓ ખોલી નહિં.

ગોધરા,

ગુરૂવારે એકાએક વહેલી સવારે ૪ કલાકે ગોધરા તથા વેજલપુરના ૨૦ વેપારીઓને ત્યાં ઈન્કમટેક્સ વિભાગની ૧૫ જેટલી ટીમ ત્રાટકી હતી. મોડી સાંજ સુધી હાથ ધરાયેલ સર્વેમાં બેનામી સંપતિ શોધીને કાયદાકીય સકંજામાં લેવાની તૈયારીઓ હાથ ધરવામાં આવતા વેપારીઓમાં દોડધામ સાથે ફફડાટની લાગણી વ્યાપી ગઈ છે. મોડી રાત સુધી સર્વે ચાલતા હજુ બેહિસાબી સ્પષ્ટ આંકડો બહાર આવ્યો નથી. ત્યારે સંભવતઃ ચોંકાવનારો હશે.

ગોધરા શહેર તથા આસપાસના વિસ્તારમાં આવેલા ટેકસટાઈલ, ઓટો મોબાઈલ્સ, તેલ, ફાયનાન્સ તથા અન્ય ક્ષેત્રોમાં વેપાર કરનારા વેપારીઓ વર્ષોથી પ્રતિષ્ઠા ધરાવીને દિવસે દિવસે પોતાનો ધંધો-વેપાર વિસ્તૃત થઈ રહ્યો છે. પોતાના ધંધા-વેપારની આડમાં આંધળી કમાણી કરનાર ગોધરા તથા આસપાસના વિસ્તારના વેપારીઓ દ્વારા આવકની સરખામણીમાં સરકારના નિયત



કરાયેલા કેન્દ્ર સરકારના ઈન્કમટેકસ તથા અન્ય વેરા ભરવામાં ભારે ઉદાસીનતા સેવાઈ રહી છે. એટલું જ નહિ આવક છુપાવા માટે નિતનવા નિયમોની આંટીઘૂંટી અનુસરીને આવક ભરવા બચવાના પ્રયત્નો કરે છે. અંતે આવક કરતાં ઓછો કર ભરીને કર ચોરી કરાઈ રહી છે. કર ચોરી ઓછી ભરીને સરકારની તિજોરીને નુકશાન પહોંચાડવાની સાથે એક જવાબદાર નાગરિક તરીકેની અદામાં ચૂક કરી રહ્યાનું જાણવા મળે છે. છેલ્લા કેટલાક સમયથી આ પોતાના ધંધા વેપારમાં માંધાંતા બનેલા આ વેપારીઓ કરચોરી કરી રહ્યા હોવાની બાતમી ઈન્કમટેકસ વિભાગને પ્રાપ્ત થઈ હતી. જેના આધારે વડોદરા સર્કલ વિભાગની ૧૫ જેટલી પસંદગીના અધિકારીઓની ટીમ બનીને ગોધરા તથા વેજલપુર વિસ્તારના આ લક્ષ્યાંક ધરાવતા વેપારીઓના પેઢી તથા ઘરે વહેલી સવારે દરોડો પાડયો હતો. હજૂ તો સૂર્યનારાયણના દર્શન નહીં થઈને ગુરૂવારની સવારે ૪ કલાકના રોજ આ નામાંકિત વેપારીઓને ત્યાં આયકર વિભાગ ત્રાટકતા તેઓની નિંદ ઉડી ગઈ હતી. એકાએક કોઈપણ જાતની જાણકારી પૂર્વે અધિકારીઓની ફૌજ ઉતરી આવીને ધંધા-રોજગારના બિલોની ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી હતી. ગોધરા વેજલપુર શહેરના અલગ અલગ ૨૦ ઉપરાંત જગ્યાએ વહેલી સવારે ૪ થી મોડી રાત સુધીનું બેહિસાબી આવક મેળવવા સર્વે અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. લગભગ એક વર્ષ બાદ દિવાળી તહેવાર પૂર્વે ઈન્કમટેક્સ વિભાગ હાથ ધરાયેલ આ સર્વેને એક સાથે ૨૦ જગ્યાએ દરોડો પાડતા મેગા સર્વે કહેવાયું છે. આવકવેરા વિભાગની જુદી જુદી ૧૫ ઉપરાંત ટીમો દ્વારા ગોધરા શહેરના અનાજ, તેલના મોટા વેપારીઓ, બિલ્ડરો ફાયનાન્સરો, ઓટો મોબાઈલનો બિઝનેશ કરનાર વેપારીઓ તથા સ્ક્રેપનો ધંધો કરનાર વેપારીઓને ત્યાં વહેલી સવારે મેગા સર્વે લાંબા સમય બાદ સર્વે કાર્યવાહી હાથ ધરવામાં આવતા આ બેનામી આવક ધરાવતા વેપારીઓના હોશકોશ ઉડી ગયા હતા. આવક વિભાગ દ્વારા અચાનક હાથ ધરવામાં આવેલા મેગા સર્ચ ઓપરેશનને લઈને કર અન્ય ચોરી કરનારા વેપારીઓ તથા લોકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. જેના પગલે વહેલી સવારથી જ અન્ય વેપારીઓ કે જે બે નંબરી બેહિસાબી આવક ધરાવતા વેપારીઓએ પોતાની પેઢીઓ બંધ રાખીને ભૂગર્ભમાં ઉતરી ગયા હોવાનું જાણવા મળે છે. દિવસ દરમ્યાન ચાલી રહેલી સર્ચ ઓપરેશન બાદ મોટી માત્રામાં કર ચોરી બહાર આવે તેવી સંભાવના છે. ૧૫ ટીમો દ્વારા ૨૦ જેટલા વેપારીઓ ત્યાં દરોડો પાડીને ગુપ્ત રાહે અત્યંત ઊંડાણપૂર્વકનું સર્વે હાથ ધરવાની ગણતરી માંડી રહ્યા છે. આ સમાચાર લખાય છે. ત્યાં સુધી સર્વે કાર્યવાહી ચાલુ છે. સંભવતઃ સર્વે બાદ એકાદ-બે દિવસમાં કર ચોરીનો આંકડો બહારા આવે તેવી ગણતરીઓ મંડાઈ રહી છે. પરંતુ પ્રજામાં અનેક ચર્ચાઓએ સ્થાન લીધું છે.

### સર્વે હાથ ધરતા સર્વે કરાયેલા વેપારીઓના નામોની યાદી

૧. મનીષ શાહ ઉર્ફે ટીનાભાઈ.
૨. કોઠી સ્ટીલ.
૩. કેસરી ઓટો.
૪. જીગ્નેશ શાહ.
૫. પ્રેયશ સોની.
૬. રાજા બાલવાણી.
૭. અશ્વિન ચંદુલાલ શાહ.
૮. સ્ટેમ્પ વેન્ડર (૩)
તેમજ અન્ય નાના મોટા વેપારીઓ.

## વેજલપુર ગામની ફૂડ ઓઈલ મિલમા ઈન્કમટેક્ષના ધામા

કાલોલ તાલુકાના વેજલપુર ગામમાં ઘૂસર રોડપર આવેલ શ્રી સિદ્ધી વિનાયક ઓઈલ એન્ડ ફુડ મિલમા વહેલી સવારથીજ ઈન્કમટેક્સ ડિપાર્ટમેન્ટ દ્વારા સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. જેની



તપાસ મોડા સુધી ચાલી હતી જેથી ગામમા ચહલ પહલ મચી હતી. જેથી વેપારીઓ ફફડાટ વ્યાપી ગયો હતો. અત્રે નોંધનીય છે કે ભૂતકાળમાં પણ અવારનવાર આ ખાદ્યતેલ ઉત્પાદન કરતી કંપની ઉપર પુરવઠા, જીઈબી તથા અન્ય વિભાગ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી રહી છે. આ કંપનીના સંચાલકો દ્વારા સરકારના નિયમોનું પાલન નહીં કરીને મનમાની કરી રહ્યાની બૂમ ઊઠી રહી છે. ભૂતકાળમાં પણ ઈન્કમટેક્સ વિભાગ દ્વારા સર્વે હાથ ધરાયો હતો. ત્યારે ફરી એકવાર દિવાળી તહેવાર પૂર્વે વેજલપુરના ખાદ્ય તેલ ઉત્પાદકને ત્યાં દરોડો પાડવામાં આવતા આવા બે નંબરી વેપારીઓમાં દોડધામ મચી ગઈ હતી.

## ગોધરામાં પટેલ કંપાઉન્ડ માંથી ટ્રકો સાથે સરકારી ઘઉંની બોરીઓ ઝડપાઈ : ૩૧.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત





### અનાજનો જથ્થો હેરાફેરી કરતાં ૮ ઈસમો ઝડપાયા

ગોધરા,

ગોધરા શહેર કોઠી સ્ટીલની સામે આવેલ પટેલ કંપાઉન્ડમાં ખુલ્લી જગ્યામાં ત્રણ વાહનો શંકાસ્પદ અનાજનો જથ્થો પલટાવી રહ્યા છે. તેવી બાતમીઆ આધારે બી ડીવીઝન પોલીસે રેડ કરી ૫૦ કિલોની બોરીયઓ નંગ-૪૧૪ મળી કુલ કિંમત ૪૧,૪૦૦ રૂપીયા તથા ત્રણ વાહનો મળી ૩૧,૪૬,૫૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે આઠ ઈસમોને સ્થળ ઉપરથી ઝડપી પાડવામાં આવ્યા. આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા શહેર કોઠી સ્ટીલની સામે આવેલ પટેલ કંપાઉન્ડમાં વચ્ચે ખુલ્લી જગ્યામાં ત્રણ વાહનો ટ્રક તથા આઈસર ટેમ્પોમાં કેટલાક ઈસમો શંકાસ્પદ અનાજનો જથ્થો પલટાવી રહ્યા છે. તેવી બાતમી બી ડીવીઝન પોલીસને બાતમી મળી હતી. બાતમીના આધારે બી ડીવીઝન પોલસે રેડ કરી હતી. બાતમીના આધારે બી ડીવીઝન પોલીસે રેડ કરી હતી. તપાસ કરતાં સરકારી સસ્તા અનાજની બોરીઓ પર લગાડવામાં આવતાં સ્ટીકર ચોંટાડેલ હતા અને વાહનમાં ભરેલ અનાજનો જથ્થો એક વાહન માંથી બીજા વાહનમાં હેરફેર કરતા હતા. પોલીસે ૩ વાહનો માંથી ૫૦ કિલોની ૪૧૪ બોરીઓ કિંમત ૪૧,૪૦૦/-રૂપીયાના ઘઉંનો જથ્થો તેમજ એક એલ.પી.ટ્રક, આઈસર તથા ૪૦૭ ટેમ્પો મળી ત્રણ વાહનો કિંમત ૩૧,૦૦,૦૦૦/-રૂપીયા મળી ૩૧,૪૬,૫૫૦/-રૂપીયાનો મુદ્દામાલ સાથે ખેંગારસિંહ હળવંતસિંહ પરમાર રહે.થુંભલી તા.જી.બાડમેલ, રાજસ્થાન ટ્રક ડ્રાઈવર, પ્રભાતસિંહ અભેસિંહ પરમાર, અક્ષયકુમાર મહાસુખભાઈ પરમાર, દિલીપભાઈ ગણપતભાઈ ચૌહાણ, દિપકભાઈ બળવંતભાઈ પરમાર, મહેશભાઈ પ્રભાતભાઈ ચૌહાણ, પ્રવિણ ગણપતસિંહ ચૌહાણ, રમેશભાઈ કનુભાઈ ચૌહાણ રહે. નાની કાંટડીને ઝડપી પાડવામાં આવ્યા. જ્યારે અન્ય નાશી જનાર ઈસમો સરકારી અનાજનો ગેરકાયદેસર રીતે વેચાણ કરતા હોય આ બાબતે ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે આવશ્યક ચીજવસ્તુઓ ધારા હેઠળ ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

## દાહોદ હુસેન મહોલ્લા માંથી બાઈકનો ચોરી

દાહોદ,

દાહોદ શહેરમાં હુસેન મહોલ્લા ખાતે થી ઘરના આંગણે લોક મારેલ મોટરસાયકલની ઉઠાંતરી થયાનું જાણવા મળે છે.

દાહોદ શહેરમાં હુસેન મહોલ્લા ખાતે રહેતા ખૂજેમા અબ્બાસભાઈ જાંબુઘોડા વાળાએ ગત તારીખ ૩૧મી ઓકટોબરના રોજ પોતાની મોટરસાયકલ પોતાના ઘરના આંગણે લોક મારી પાર્ક કરી હતી.આ મોટરસાયકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી ચોરી કરી લઈ જતાં આ સંબંધે પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## શહેરાના ઉડારા પાસે પાનમ નદીમાંથી બેરોકટોક રેતીનું ખનન

શહેરા,

શહેરા ના ઉડાંરા પાસે પસાર થતી પાનમ નદીમાં રેતી ખનન થઈ રહયુ છે. ટ્રેક્ટર સહિતના વાહનોમાં બેરોકટોક રોયલ્ટી પાસ વગર ખનિજ વહન થતુ હોવાની બૂમ ઉઠી છે.ત્યારે ખાણખનીજ વિભાગ દ્વારા અહી તપાસ કરીને યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તો ખનીજ ચોરી સાથે સરકારી તિજોરીને નુકસાન થતુ અટકી શકે તેમ છે.



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા ના ઊડાંરા ગામ પાસે પસાર થતી પાનમ નદીમાં ખનીજ વિભાગના નિયમોનું પાલન ના કરીને રેતી કાઢી ને ટ્રેક્ટર સહિતના વાહનોમાં લઈ જવામાં આવી રહી છે.પાછલા કેટલાક મહિનાઓથી આ પાનમ નદીમાં રેતી ખનન થઈ રહયુ હોવા છતા જવાબદાર તંત્ર દ્વારા કોઈ જ પ્રકારની અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી. નદીમાંથી મોટા પ્રમાણ માં દિવસ દરમિયાન રેતી કાઢીને ટ્રેક્ટર સહિતના વાહનોમાં હેરાફેરી થતી હોવાથી ગામના રસ્તાઓ ને નુકશાન પહોંચવા સાથે રસ્તાઓ ઉબડ ખાબડ બનતા નાના-મોટા વાહન ચાલકો ને પસાર થતી વખતે ભારે હાલાકી વેઠવી પડી રહી છે. તાલુકામાં નાડા સહિતના ગામોમાં રેતીની લીઝો ખાન ખનીજ વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી નથી. ત્યારે પાનમ નદીમાં ખાણ ખનીજ વિભાગ દ્વારા ઓચિંતી તપાસ કરીને યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે તો ખનીજ ચોરી સાથે સરકારી તિજોરીને મોટું નુકસાન થતું અટકી શકે તેમ છે. ખાણ ખનીજ વિભાગ સરકારી તિજોરીને નુકશાન કરનાર ખનીજ માફીયાઓ સામે પોતાની નૈતિક ફરજ ક્યારે બજાવશે તેતો જોવુજ બની રહયુ છે.

## પંચમહાલ જીલ્લામાં આજે ૧૦ કોરોના પોઝીટીવ કેસ નોંધાતા કુલ આંક ૨૮૧૪ થયો

ગોધરા,

પંચમહાલ જીલ્લામાં કોરોના કહેર યથાવત રહેવા પામ્યો છે. જીલ્લામાં આજરોજ વધુ ૧૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેમાં ગોધરા-૦૨, હાલોલ-૦૧, કાલોલ-૦૭ કેસ નોંધાવા પામ્યો છે. જીલ્લામાં કોરોના પોઝીટીવ કેસ નોંધાઈ રહ્યા છે. તેવા વિસ્તારોમાં આરોગ્ય વિભાગ દ્વારા સેમ્પલ

- ૦૬ દર્દી સાજા થતાં રજા અપાઈ.
- એકટીવ કેસ ૮૭.
- મૃત્યુ આંક - ૧૨૧.

નવા ૧૦ પોઝીટીવ કેસ સાથે અત્યાર સુધીનો કુલ આંક ૨૮૧૪ થવા પામ્યો છે. પંચમહાલ જીલ્લામાં કોરોના એ ભરડો લીધો હોય તેવી સ્થિતી નિર્માણ થઈ છે. જીલ્લામાં વધતો જતાં કોરોના પોઝીટીવ આંક ચિંતાનો વિષય બન્યો છે. પંચમહાલ જીલ્લામાં વધુ ૧૦ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યો છે. લેવાની તેમજ સર્વેની કામગીરીમાં ગતિ લાવવામાં આવી છે. પંચમહાલ જીલ્લામાં વધતા કોરોના પોઝીટીવ કેસને લઈ જીલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય તંત્ર સર્તક બન્યું છે. પોઝીટીવ કેસ નોંધાયા તેવા વિસ્તારોમાં હોમ કોરોન્ટાઈન તેમજ માઈક્રો કન્ટેનમેન્ટ કરવામાં આવ્યા છે.

## શહેરા પોલીસમથકના PI એન.એમ. પ્રજાપતિની બદલી થતા વિદાય સભારંભ યોજાયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા પોલીસ મથકમા ફરજ બજાવનારા પીઆઈ એન.એમ પ્રજાપતિની કાંકણપુર પોલીસ ખાતે બદલી થતા તેમનો વિદાય સમારંભ યોજાયો હતો.પોલીસ સ્ટેશન ખાતે તેમનો વિદાય સભારંભ પોલીસ સ્ટાફ,અને નગર ના અગ્રણીઓની હાજરીમા તેમને સાલ મોમેન્ટો આપી તેમની કામગીરીને બિરદાવી હતી.

પંચમહાલ જિલ્લા એસપી લીના પાટીલ દ્વારા પોલીસ અધિકારીઓની બદલીના આદેશ કરવામા આવ્યા હતા.જેના પગલે ચાર પીઆઈ કક્ષાના અધિકારીઓની બદલી કરવામા આવી હતી. જેમાં શહેરા પોલીસ મથકમાં પાછલા ૨૨ મહિનાથી ફરજ બજાવનારા પીઆઈ એન.એમ.પ્રજાપતિની પણ ગોધરા તાલુકાના કાંકણપુર પોલીસ મથક ખાતે કરવામા આવી છે. લોકડાઉનના સમયમા પી.આઈ એન.એમ.પ્રજાપતિએ પોતાની ફરજ કર્તવ્યનિષ્ઠાથી નિભાવી હતી.લોકડાઉનનો કડક અમલ કરાવા બદલ નગરજનોએ પણ તેમની કામગીરીની સરાહના કરી હતી.સ્વભાવે હસમૂખા અને ચહેરા પર પ્રસન્ન ચિત ભાવ રાખતા એન.એમ.પ્રજાપતિએ પ્રજામા પણ સારી લોકચાહના મેળવી હતી.તેમની બદલી થતા તેમનો વિદાય સભારંભ શહેરા પોલીસ મથકે રાખવામા આવ્યો હતો.જેમા શહેરાના અગ્રણી નગરજનોએ તેમનૂ સાલ ઓઢાડી મોમેન્ટો આપીને સન્માન કર્યુ હતૂ.તેમની કામગીરીને બિરદાવી હતી.તેમની બદલી થતા શહેરા પોલીસ સ્ટેશનના નવા પીઆઈ તરીકે એમ.આર.નકુમે ચાર્જ સંભાળતા તેમનુ ફુલહારથી સ્વાગત કરવામા આવ્યુ હતુ.

## હાલોલ-ગોપીપુરા માર્ગ ઉપરથી ફોર વ્હીલમાંથી ચાર ઈસમો દેશી પિસ્ટલ સાથે ઝડપાયા

હાલોલ,

હાલોલ તાલુકાના ગોપીપુરા જવાના રસ્તા ઉપર હાલોલ રૂલર પોલીસ પેટ્રોલીંગમાં હતી. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થઈ રહેલ ફોર વ્હીલને રોકી હતી. ગાડીમાં સવાર ઈસમો અંગઝડતી લેતાં દેશી બનાવટની પિસ્ટલ, બે કારતુર મળી ૨૦,૨૦૦/-રૂપીયા તેમજ કાર મળી ૨,૨૫,૭૦૦/-રૂપીયાના મુદ્દામાલ સાથે ચાર ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે હાલોલ તાલુકાના ગોપીપુરા જવાના રસ્તા ઉપર હાલોલ રૂલર પોલીસ કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન શંકાસ્પદ રીતે પસાર થતી ગાડીને પોલીસે રોકી હતી અને ગાડીમાં સવાર અસ્ફાક અબ્દુલ્લા ઝભ્ભા રહે. ઘંટ્યા પ્લોટ, ગોધરા, લુકમાન ઐયુબ કમલી રહે.ગુહ્યા મહોલ્લા, નુરતસ્લીમ ઉસ્માનગીરી કલા રહે.મીઠીખાન મહોલ્લા, સંજય ઉર્ફે ભલીયો વસરામભાઈ વણકર રહે.સામલી તા.ગોધરાને અંગઝડતી અને ગાડીનું ચેકીંગ કરવામાં આવ્યું હતું. ત્યારે આ ઈસમો પાસેથી દેશી બનાવટની પીસ્ટલ કિંમત ૨૦,૦૦૦/-બે જીવતા કારતુસ કિંમત ૨૦૦/-રૂપીયા કોઈ જાતના લાયસન્સ કે આધારવિના ગેરકાયદેસર રીતે રાખેલ હતા અને કોઈ ગુનો કરવાના ઈરાદે ફરતા ચાર ઈસમોને ઝડપી પાડવામાં આવ્યા. પકડાયેલ ચાર ઈસમો પાસેથી ૨,૨૫,૭૦૦/-રૂપીયાનો મુદ્દામાલ કબજે લઈ આ બાબતે હાલોલ રૂલર પોલીસ મથકે આર્મ્સ એકટ હેઠળ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.